# ટોરેન્ટ પાવર લીમીટેડ
## ગુજરાત વીજનીયમન પંચ સમક્ષ
**છઠો માળ, ગીફ્ટ વન, રોડ ૫ સી, ઝોન ૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર - ૩૮૨ ૩૫૫**

## જાહેર નોટીસ

૧ ટોરેન્ટ પાવર લીમીટેડ (હવે પછી તેનો ઉલ્લેખ ''ટીપીએલ-ડી'' તરીકે કરાયો છે) દ્વારા કેસ નંબર ૨૦૩૩/૨૦૨૧ હેઠળ અમદાવાદ / ગાંધીનગર સપ્લાય વિસ્તાર માટે (૧) નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના ટ્રુઇંગ અપ (૨) નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના એઆરઆર નિર્ધારણ અને (૩) નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટેના વીજ દર નિર્ધારણ માટેની અરજી દાખલ કરી છે.

૨ જીઇઆરસી (એમવાયટી) રેગ્યુલેશન, ૨૦૧૬ અનુસાર નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે ટ્રુઇંગ અપ વાસ્તવિક આંકડાઓ મુજબ સૂચીત કરવામાં આવેલ છે.

૩ અમદાવાદ / ગાંધીનગર સપ્લાય વિસ્તાર માટે નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ની મહેસુલી ખાધ/(પુરાંત) ની ગણતરી જીઇઆરસી (એમવાયટી) રેગ્યુલેશન, ૨૦૧૬ અનુસાર નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે રજુ કરેલ એઆરઆરના અંદાજો અને અંદાજીત વીજ ખરીદી ખર્ચના આધારે તારવવામાં આવેલ સુધારેલા બેઝ એફપીપીપીએ સહિત હાલના વીજદરે નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના અંદાજીત વીજ વેચાણ ઉપર અંદાજીત કરેલ આવક અનુસાર કરવામાં આવી છે.

૪ નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટેની સંચિત ખાધ મુખ્યત્વે પાછલા વર્ષોની બાકી રહેલ વસૂલાતને કારણે છે. તેથી, ટીપીએલ-ડીએ, વીજ દરમાં વધારો સૂચવેલ નથી અને આ સંચિત ખાધની વસૂલાત બે વર્ષના સમયગાળા માટે રૂા. ૦.૨૨ પ્રતિ યુનીટના રેગ્યુલેટરી ચાર્જથી પ્રસ્તાવિત કરેલ છે.

૫ માનનીય કમીશન / માનનીય ટ્રિબ્યુનલ સમક્ષની બાકી રહેલ કાર્યવાહી સંબંધિત ખાધ અને કેરીંગ કોસ્ટને રેગ્યુલેટરી ચાર્જ દ્વારા વસૂલવા માટે પ્રસ્તાવિત કરેલ છે.

૬ એફપીપીપીએ ચાર્જ માનનીય કમીશનની મંજુરી અનુસાર વસૂલવામાં આવશે.

૭ ટીપીએલ-ડીએ નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે રૂા.૦.૫૦ પ્રતિ યુનીટના વધારાનાં વીજદરે વૈકલ્પિક ''ગ્રીન ટેરિફ'' રજુ કરવાનો પણ પ્રસ્તાવ કરેલ છે.

૮ ટીપીએલ-ડીએ સુધારેલા વીજ દરોનો અમલ તા.૧લી એપ્રિલ, ૨૦૨૨ થી કરવા પ્રસ્તાવિત કરેલ છે.

૯ ઓપન એક્સેસ ચાર્જીસઃ ટીપીએલ-ડીએ ઓપન એક્સેસ ગ્રાહકોને લાગુ પડતા વ્હીલિંગ ચાર્જીસ અને ક્રોસ સબસીડી સરચાર્જ નિર્ધારણ કરવા પ્રસ્તાવિત કરેલ છે.

**અરજીની નકલ પ્રાપ્ત કરવા માટેની જોગવાઇઃ**

૧૦ નિરીક્ષણ માટે અરજીની નકલો જનરલ મેનેજર (ફાયનાન્સ), ટોરેન્ટ પાવર લીમીટેડ, નારણપુરા ઓફિસ, સોલા રોડ, અમદાવાદ-૩૮૦૦૧૩ ની ઓફિસ ખાતે ઉપલબ્ધ છે. વધુમાં, અરજીની નકલ રૂા. ૧૫૦/- રોકડેથી અથવા તો ટોરેન્ટ પાવર લીમીટેડની તરફેણના અને અમદાવાદ ખાતે ચૂકવી શકાય તેવા ડીમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર દ્વારા ઉપરોક્ત સરનામેથી ખરીદી શકાશે. અરજીની નકલ ટપાલથી પ્રાપ્ત કરવા માટે, ટપાલ ખર્ચના રૂા.૫૦/- (રૂપીયા પચાસ) વધુ ચુકવવાના રહેશે.

૧૧ ઉપરોક્ત અરજીની ઇલેક્ટ્રોનીક નકલ વેબસાઇટ www.torrentpower.com ના રેગ્યુલેટરી સેક્શન પરથી પણ મળી શકશે.

**પ્રતિભાવ રજુ કરવા માટેની માર્ગદર્શિકાઃ**

૧૨ આથી લાગુ પડતા નિયમો અનુસાર, જાહેર સૂચના આપવામાં આવે છે કે ઉપરોક્ત અરજી સામે જે કોઇપણ વ્યક્તિને પોતાના વાંધા/સૂચનો રજુ કરવામાં રસ હોય તેઓએ પોતે જેનો આધાર લેતા હોય તે દસ્તાવેજો સાથેની પોતાની અરજી, પાંચ સેટમાં, તેમજ તેના ટેકામાં આવશ્યક એફિડેવીટ સાથે સેક્રેટરી, ગુજરાત વીજનીયમન પંચ, છઠો માળ, ગીફ્ટ વન, રોડ ૫ સી, ઝોન ૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર ૩૮૨ ૩૫૫ ને તા. ૧૦મી જાન્યુઆરી, ૨૦૨૨ ના રોજ કે તે પહેલા મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે અને તેની એક નકલ નીચે સહી કરનારને પણ મોકલવાની રહેશે.

**ટોરેન્ટ પાવર લીમીટેડ**
''સમન્વય'', ૬૦૦, તપોવન,
આંબાવાડી, અમદાવાદ ૩૮૦૦૧૫
CIN : L31200GJ2004PLC044068
તા. : ૧૦મી ડીસેમ્બર, ૨૦૨૧

**ટોરેન્ટ પાવર લીમીટેડ**
સહી/-
**વાઇસ પ્રેસીડન્ટ (કોર્પોરેટ અફેર્સ)**